અપીલ અરજી નં.૧૨૮ તા.૧–૮–૦૯/૧૦

અરજદારઃ– શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજી

સામાવાળાઃ– શાસનાધિકારી અને જાહેરમાહિતીઅધિકારી (ન.પ્રા.શિ.સ.)

***ફરીયાદની હકીકતઃ–***

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નગીનભાઈ પરાગજી ચૌહાણની આઈ ડી. નં.૨૨૬/૧૦૪ તા.૬–૨–૦૯ થી અને આઈ ડી. નં.૨૩૫/૧૧૯ તા.૨૩–૩–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી સંદર્ભે કરેલ અપીલ બાબત.

સંદર્ભઃ– અરજદાર મજકુરની તા.૧–૮–૦૯ ની અપીલ અરજી નં.૧૨૮/૦૯–૧૦

શ્રી નગીનભાઈ પરાગજી ચૌહાણની આઈ ડી. નં.૨૨૬ / ૧૦૪ તા.૬–૨–૦૯ થી અને આઈ ડી. નં.૨૩૫/૧૧૯ તા.૨૩–૩–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી સંદર્ભે કરેલ અપીલ બાબતે ફી ભરવા છતાં માહિતી આપવામાં આવતી નથી તથા અધૂરી માહિતી આપીને પાછળથી માહિતી આપવામાં આવતી નથી તેવું જણાવી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ અનુક્રમે લગભગ ચાર માસ તથા અઢી માસના વિલંબથી એપેલેટ ઓફિસરને તા.૧–૮–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને તા.૬–૨–૦૯ તથા તા.૨૩–૩–૦૯ ની મુળ અરજીની નકલ, તથા અરજી ફી ની વિગત, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૦૨ તા.૧૩–૮–૦૯ થી શાસનાધિકારી અને જાહેરમાહિતીઅધિકારી (ન.પ્ર ા.શિ.સ.)ને તથા અરજદારને અનુક્રમે ૪ માસના તથા અઢી માસના વિલંબ અંગે બન્ને અપીલો અરજી અંગે આધાર અને વાજબીપણું રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે તા.૨૬–૮–૦૯ નો પત્ર રજૂ કરેલ છે જેમાં શાસનાધિકારીના તા.૨૩–૪–૦૯ ના પત્રની રજૂઆત કરેલ છે પરંતુ અરજીના વિલંબ અંગે વાજબીપણું કે અરજી સાથે મુળ અરજીની નકલ કે અરજી ફી ભર્યાની વિગત રજૂ કરેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર ક્રમાંક/૬૭ તા.૩૧–૮–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો પૂરી પાડેલ છે. જેમાં અરજદારને જાવક નં.૧૮૧ તા.૪–૩–૦૯ ના રોજ રૂા.૩૦/– ભરપાઈ કરી માહિતી મેળવી લેવા જણાવતાં પત્રની નકલ, મુળ અરજીની નકલ, ગણવેશ અને શિષ્યવૃતિ બાબતે પત્ર ક્રમાંક /૧૯૭૨૦ તા.૨૨–૧૧–૨૦૦૦ નાયબ નિયામકશ્રી વિચરતીજાતિ અને વિમુખજાતિના બાળકોના ગણવેશ, શિષ્યવૃતિ અંગેના પત્રની નકલ, પત્ર ક્રમાંક ૧૯૭૨૧ તા.૨૨–૧૧–૨૦૦૨ તકેદારી અધિકારીને સદર બાબતે પાઠવેલ પત્રની નકલ, , પત્ર ક્રમાંક ૨૭૬૩૨ તા.૧૫–૧૨–૨૦૦૦નો સ્મૃતિ પત્રક–૧ ના પાઠવેલ પત્રની નકલ,પત્ર ક્રમાંક ૩૪૫૫૦ તા.૫–૩–૨૦૦૧ સભ્યસચિવ ગણવેશ સમિતિને પાઠવેલ પત્રની નકલ, પત્ર ક્રમાંક /૩૬૧૩૭ તા.૨૧–૩–૨૦૦૧ માનદમંત્રી ગણદેવી તાલુકા મહિલા કારીગરોની સહકારી મંડળીને પાઠવેલ પત્રની નકલ, પત્ર ક્રમાંક/૩૬૧૩૯ તા.૨૧–૩–૨૦૦૧ નિયામક ગામ એજન્સીને પાઠવેલ પત્રની નકલ, ગણદેવી તાલુકાની મહિલા કારીગર સહકારી મંડીળીનો તા.૨૯–૮–૨૦૦૧ ના પત્રની નકલ, ન.પ્રા.શિ.સ. ની શાળા મંડળ પત્રક નં.૨ રસીદ નં.૨૪૪૪ તા.૨૩–૫–૨૦૦૩ ગણવેશ સિલાઈની ૩૭,૬૬૫૬૦ ની રસીદની નકલ, ગણદેવી તાલુકા મહિલા સહકારી મંડળીનું ગણવેશ બાબતના–૬ સેન્ટરોના પ્રમાણપત્રની નકલ,ડી. ૨૩૫/૧૧૯ તા.૨૩–૩–૦૯ ની અરજી સબંધે રૂા.૨/– ભરપાઈ કરી માહિતી મેળવવા તા.૧ ૬–૪–૦૯ ના પત્રની નકલ તથા તેની મુળ અરજીની નકલ, તથા તા.૨૮–૪–૦૯ ના રોજ અરજદારને માહિતી પૂરી પાડેલ પત્રની નકલ, તેમના પત્ર નં.૧૩ તા.૨૩–૪–૦૯ થી તા.૬–૨–૦૯ ની અરજીથી આંશિક માહિતી આપતા પત્રની નકલ રજૂ કરેલ છે. જાહેર માહિતી અધિકારીનો અરજદારને પાઠવેલ તા.૩૧–૭–૦૯ નો પત્ર, વિગેરે માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરક વિગતોમાં અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની આઈ ડી. નં.૨૨૬/૧૦૪ તા.૫/૬–૨–૦૯ ની અરજી બાબતે અલાયદી અપીલ નં.૧૨૭ તા.૧–૮–૦૯ થી હુકમ કરવામાં આવેલ છે. આજ બાબતે અત્રે પૂરક વિગતોમાં જાહેર માહિતી અધિકારી ધ્વારા બીડેલ તેમના તા.૨૩–૪–૦૯ ના પત્રની વિગત બાકીની માહિતી પાછળથી આપવામાં આવશે તથા આંશિક માહિતી પૂરી પાડેલ છે તે ધ્યાને લેતાં નિયત સમય અવધિ બાદ આવી માહિતી જાહેર માહિતી અધિકારીએ કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે પૂરી પાડવાનું ઉત્તરદાયિત્વ રહે. જયારે આઈ ડી. ૨૩૫/૧૧૯ તા.૨૩–૩–૦૯ ની અરજીથી મુદ્દા નં.૧ ન.પ્રા.શિ.સ. માં શાસનાધિકારીની જગ્યા પર ડી.ઈ.ઓ ઓફિસમાંથી ચાર્જ સંભાળનાર ઈ.ચા. શાસનાધિકારીના ૭ વર્ષના નામો મુદ્દા નં.૨ ઈ.ચા. શાસનાધિકારી તરીકે આવનાર અધિકારી ન.પ્રા.શિ.સ. સુરતના પરિપત્રો ઉપર હુકમો કે અન્ય સરકારી વહીવટીમાં શાસનાધિકારી લખી કે ઈ.ચા. શાસનાધિકારી લખી સહી કરવામાં આવેલ છે? મુદ્દા નં.૩ ઈ.ચા. અથવા આઈસી નહીં લખવામાં આવતું હોય તો તેના નિયમની નકલની માંગણી કરેલ. જેના અનુસંધાને તા.૧૬–૪–૦૯ થી રૂા.૨/– ભરપાઈ કરી માહિતી મેળવવા અરજદારને જણાવેલ તથા અરજદારને તા.૨૮–૪–૦૯ થી માહિતી મોકલ્યાના પ્રત ઉપર માહિતી લખી અરજદારે સહી કરેલ છે. મુદ્દા નં.૧જે માહિતીમાં જાહેર માહિતી અધિકારીએ અરજદારને તા.૧૬–૧૨–૦૨ થી આજ પર્યન્ત ચાર્જ સંભાળેલ શાસનાધિકારીની સમયગાળા સહિતની માહિતી તથા મુદ્દા નં.૨ ઈ.ચા. શાસનાધિકારી લખી કે ઈ.ચા. શાસનાધિકારી લખી સહી કરવામાં આવેલ છે જેનો જવાબ 'ના' આપવામાં આવેલ છે તથા મુદ્દા નં.૩ ઈ.ચા. અથવા આઈસી નહીં લખવામાં આવતું હોય તો તેના નિયમની બાબતે ઈ.ચા. લખવા અંગેના નિયમની કોઈ નકલ ઉપલબ્ધ નથી આ રીતે અરજદારને માહિતી પૂરી પાડયાનું જણાય છે. તેમ છતાં તેમના તા.૩૧–૭–૦૯ ના પત્રથી દિન–૭ માં સંપર્ક પણ કરવા જણાવેલ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની આઈ ડી. નં.૨૨૬/૧૦૪ તા.૫/૬–૨–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી સબંધે તા.૧–૮–૦૯ થી ચાર માસના વિલંબથી કરેલ અપીલ અંગે અપીલ નં.૧૨૭ માં હુકમ કરવામાં આવેલ છે જયારે આઈ.ડી નં.૨૩૫/૧૧૯ તા.૨૩–૩–૦૯ ની અરજી બાબતે તા.૧–૮–૦૯ ની અપીલ અરજી અઢી માસના વિલંબથી કરેલ અપીલ અરજી બાબતે ન્યાયના હિતમાં અરજદારને અપીલ તબકકે તક આપવા છતાં વિલંબના કારણો કે વાજબીપણું રજૂ કરવામાં અરજદાર નિષ્ફળ રહેલ હોઈ અરજદારની વિલંબથી કરેલ અપીલો ગ્રાહય ન રાખતાં કલમ–૧૯(૧) હેઠળ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. જાહેર માહિતી અધિકારી ધ્વારા તા.૩૧–૭–૦૯ ના પત્ર અનુસાર તેઓનો સંપર્ક કરી કાર્યવાહી કરવા માટે અરજદાર સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯ – ૦૯

*ડે.કમિશ્નર(જનરલ),*
*અને એપેલેટ ઓફિસર*
*સુરત મહાનગર પાલિકા*

***પ્રતિ***

(૧) શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ.).... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજી,